# SWARNIM GUJARAT SPORTS UNIVERSITY GANDHINAGAR

DEPARTMENT OF ADVENTURE SPORTS AND YOUTH AFFAIRS

## AWARENESS PROGRAM ON ADVENTURE SPORTS

"અવેરનેસ પ્રોગ્રામ ઓન એડવેન્ચર સ્પોર્ટ્સ" નું આયોજન ફિઝિકલ એજ્યુકેશન ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયા – ગુજરાત, ડિપાર્ટમેન્ટ ઓફ એડવેન્ચર સ્પોર્ટ્સ એન્ડ યુથ અફેર્સ, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર અને જામનગર જીલ્લા ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ સંઘના સંયુક્ત ઉપક્રમે જામનગર ખાતે તા. ર૬મી નવેમ્બર ર૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના ઉદઘાટન સમારોહ શ્રી ડી. એન. ભોમ્બે, કમાન્ડન્ટ, ૬૫મી બટાલિયન, એસ.એસ.બી., જામનગર, શ્રીમતી પ્રતિભાબેન કનખરા, મેયર, જામનગર શહેર, શ્રીમતી વસુબેન ત્રિવેદી, પૂર્વ મંત્રી અને એમ.એલ.એ. જામનગર, કું. નિતા વાળા, જીલ્લા રમતગમત અધિકારી, જામનગર શહેર, શ્રી મનહરભાઈ ત્રિવેદી, ચીફ કમિશનર સ્કાઉટ અને ગાઈડ, શ્રી ચેતન મોનાણી, જીલ્લા કમિશનર સ્કાઉટ અને ગાઈડ, શ્રી યોગેન્દ્રસિંહ જાડેજા, જીલ્લા મંત્રી, સ્કાઉટ અને ગાઈડએ હાજરી આપી પ્રતિભાગીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર ગુજરાત માંથી ચાર સો થી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ખેલાડીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

પ્રથમ સત્રમાં શ્રી વાગારામ બિશ્નોઈ, એસ.એ.જી. નિષ્ણાત કોચ (વોટર સ્પોર્ટ્સ) દ્વારા પ્રતિભાગીઓને વોટર સ્પોર્ટ્સની વિવિધ રમતો, પ્રવૃત્તિઓ અને આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ થી અવગત કરાવ્યા હતા. દ્વિતીય સત્રમાં શ્રી પ્રીત સિંગ, વોટર સ્પોર્ટ્સ કોચ, એસ.જી.એસ.યુ. દ્વારા વોટર એડવેન્ચર સ્પોર્ટ્સ, પ્રવૃત્તિઓ તેના સાધનો અને સલામતી અંગે માહિતી પૂરી પડી હતી. ભોજન બાદના સત્રોમાં શ્રી નિરતકુમાર ભટ્ટ દ્વારા લેન્ડ એડવેન્ચર સ્પોર્ટ્સ અને એરો સ્પોર્ટ્સ વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. મુક્ત ચર્ચા સત્રમાં વાય. એલ. જેઠવા, આસી. પ્રો. એસ.જી.એસ.યુ., ગાંધીનગર, શ્રી વાગારામ બિશ્નોઈ, શ્રી પ્રીત સિંગ અને શ્રી નિરતકુમાર ભટ્ટ દ્વારા પ્રતિભાગીઓના પ્રશ્નો અંગે મુક્ત ચર્ચા કરવામાં આવી હતી.

શ્રીમતી અનિતા રાણા, જિલ્લા સંયોજક PEFI, જામનગર અને શ્રી આકાશ ગોહિલ, રાજ્ય પ્રતિનિધિ, PEFI દ્વારા આભાર વિધિ કરી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

- **<u>Glimpses of the Program</u>**











